નં.જિ.ના.નિ./વિ.જા./૨૦૧૮-૧૯/૪૨ થી ૪૮
નાયબ નિયામક (વિ.જા.)ની કચેરી,
નર્મદા ભવન, સી-બ્લોક, બીજો માળ,
વડોદરા, ફોન નં. ૨૪૨૬૬૨૨
ઇ.મેઇલ :- dydir-ddcw-vad@gujarat.gov.in
તા.૪-૦૧-૨૦૧૯

પ્રતિ,
૧. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,વડોદરા.
૨. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા પંચાયત, વડોદરા
૩. શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,વડોદરા.
૪. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.

વિષય:- શિષ્યવૃત્તિ તથા ગણવેશ સહાય માટે બાયસેગની ચેનલ પર માર્ગદર્શન મેળવવા બાબત.
સંદર્ભ:- વડી કચેરીના પત્ર ક્રમાંક વિજાક/શિક્ષણ/૨૦૧૮-૧૯/૪૫-૬૬ તા.૦૩-૦૧-૨૦૧૯.

જય ભારત સાથે ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ડીઝીટલ ગુજરાત પોર્ટલ પર પ્રાથમિક શાળા, ઉચ્ચતર પ્રાથમિક શાળા તથા માધ્યમિક શાળાનાં આચાર્યશ્રી દ્વારા SC/ST/OBC અને સમાજ સુરક્ષાના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાયની પ્રપોઝલમાં રહેલ ક્ષતિઓ અંગે સીધા આચાર્યશ્રીઓ/શિક્ષકો સાથે સંવાદ કરી ક્ષતિઓનું બરાબર રીતે નિરાકરણ થાય તે હેતુથી તા.૦૭-૦૧-૨૦૧૯ના રોજ સમય ૧૨.૦૦ થી ૨.૦૦ કલાક દરમ્યાન બાયસેગ દ્વારા વંદે ગુજરાત ચેનલ-૧ ઉપર સંવાદ રાખવામાં આવેલ છે. જે અનુસંધાને આપશ્રીની કક્ષાએથી લાગુ પડતી તમામ શાળાઓના આચાર્યશ્રીઓને જાણ કરી તેઓએ ઉપર જણાવ્યા મુજબના સમયે બાયસેગની સુવિધા ધરાવતી શાળાઓ પર હાજર રહી પ્રપોઝલમાં રહી ગયેલ ક્ષતિઓના સુધારા માટે જરૂરી માર્ગદર્શન મેળવવા, જરૂરી કાર્યવાહી કરવા તથા પ્રપોઝલ બનાવવા માટે યોગ્ય માર્ગદર્શન મેળવવાનું રહેશે.

(સહી)
જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)
વડોદરા

સવિનય નકલ રવાના
૧. નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા. ગાંધીનગર.
૨. કલેક્ટરશ્રી,વડોદરા.
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, વડોદરા.

ક્રમાંક/ક-૩/૫૨૯૯-૩૦૭ /૨૦૧૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
તારીખ: ૫/૧/૨૦૧૯

૨/- જાણ તેમજ અમલ થવા સારુ

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળાઓ
વડોદરા જિલ્લો, વડોદરા.

(સહી)
જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

નકલ રવાના જાણ સારુ: શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી

Scanned by CamScanner